આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર

ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી બિરસા મુંડા ભવન ગાંધીનગર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (એપેડેમિક શાખા), ગાંધીનગર

સંયુક્ત ઉપક્રમે આયોજિત

# "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ"

# અંગેનો એક દિવસીય જાગૃત્તિ કાર્યક્રમ

**નિર્દેશક**

**ડૉ. સી. સી. ચૌધરી**

**કાર્યપાલક નિયામકશ્રી, GTRTS**






**અહેવાલ રજૂકર્તા**

ડૉ. વિપુલ રામાણી ડૉ. તેજલ અધ્વર્યુ







ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી

બિરસા મુંડા ભવન ગાંધીનગર

# “સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ”
# અંગે એક દિવસીય જાગૃત્તિ કાર્યક્રમ

## અનુક્રમણિકા


| ક્રમ | તારીખ | કાર્યક્રમનું સ્થળ | સહભાગીઓની સંખ્યા | પાના નં. |
|---|---|---|---|---|
| 1 | 01/07/2024 | શ્રી જય જલારામ આશ્રમશાળા-ચોપડવાવ, તા.સાગબારા, જી.નર્મદા | 190 | 1 |
| 2 | 02/07/2024 | ગાંધી વિદ્યાપીઠ-વેડછી, તા.વાલોડ, જી.તાપી | 191 | 4 |
| 3 | 03/07/2024 | અજરાઈ આશ્રમશાળા, તા.ગણદેવી, જી.નવસારી | 312 | 7 |
| 4 | 03/07/2024 | ઈ.એમ.આર.એસ.-મોતા, તા.બારડોલી, જી.સુરત | 378 | 11 |
| 5 | 03/07/2024 | ઈ.એમ.આર.એસ.-માંડવી જી.સુરત | 120 | |
| 6 | 03/07/2024 | સરદાર કન્યા વિદ્યાલય, બારડોલી, જી.સુરત | 114 | 14 |
| | | કુલ | **1305** | |

## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" અંગેનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ

તા.1-7-2024

શ્રી જય જલારામ આશ્રમશાળા - ચોપડવાવ, તાલુકો - સાગબારા, જિલ્લો – નર્મદા



તા.1-7-2024 ના રોજ આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી (GTRTS), બિરસા મુંડા ભવન, ગાંધીનગર તથા ગુજરાત આરોગ્ય વિભાગ (એપેડેમિક શાખા)-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલિંગ" વિષય પર એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ શ્રી જય જલારામ આશ્રમશાળા-ચોપડવાવ (તા.સાગબારા, જી.નર્મદા) ખાતે યોજાઈ ગયો.

આ જાગૃતિ કાર્યક્રમની શરૂઆત આશ્રમશાળાના બહેનોએ પ્રાર્થના અને સ્વાગત ગીત કરી હતી. ત્યાર બાદ GTRTS ના ડો. વિપુલ રામાણીએ કાર્યક્રમની પ્રાસ્તાવિક ભૂમિકા અને હેતુ જણાવતા કહ્યું કે આ જાગૃતિ કાર્યક્રમ શાળામાં એટલા માટે યોજવામાં આવ્યો છે કે શાળાના તમામ વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગ થાય અને તેઓ સિકલ સેલ એનિમિયા અંગે જાગૃત થાય તથા પોતાના કુટુંબ અને આડોશ પાડોશના લોકોને પણ આ અંગે જાગૃત કરે તે માટે છે. તેમણે પ્રાસ્તાવિક ભૂમિકામાં નર્મદા જિલ્લામાં સિકલ સેલ એનિમિયાના દર્દીઓ અને ટ્રેટની આંકડાકીય સ્થિતિ રજૂ કરી હતી અને ભાઈઓ કરતા બહેનોમાં સિકલ સેલ એનિમિયાનું પ્રમાણ વધુ છે તે અંગેની ગંભીરતા પણ જણાવી હતી



આ જાગૃતિ કાર્યક્રમ GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી સાહેબની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. કાર્યપાલક નિયામકશ્રીએ અધ્યક્ષીયશ્રી ઉદબોધન આપતા જણાવ્યું કે

વિશ્વ, ભારત અને ગુજરાતમાં સૌપ્રથમ સિકલ સેલ એનિમિયા રોગની શોધ કોણે કરી અને તેમને પ્રથમ કયા નામનો દર્દીઓ મળ્યા તે અંગેની વાત કરી. એટલે કે સિકલ સેલ એનિમિયાની શરૂઆત કેવી રીતે થઈ તથા સિકલ સેલ એનિમિયાનો ઇતિહાસ અંગેની સમજ આપી હતી. સિકલ સેલ એનિમિયાની ભારત અને ગુજરાતમાં શું સ્થિતિ છે અને તેને અટકાવવા અને નિયંત્રણ કરવા માટે શું કરવું જોઈએ કેવી કાળજી લેવી જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું



આ કાર્યક્રમમાં સાગબારા તાલુકાના આરોગ્ય અધિકારીશ્રી ડો.જીગ્નેશભાઈ વસાવા અને તેમની આરોગ્ય ટીમ ઉપસ્થિત રહી હતી. ડો.જીગ્નેશભાઈએ સિકલ સેલ એનિમિયા શું છે, તે કેવી રીતે થાય છે, તેને અટકાવવા માટે કેવા પગલાં લેવા જોઈએ તથા તેને નિયંત્રિત કરવા માટે શું કાળજી રાખવી જોઈએ, સિકલ સેલ એનિમિયા રોગના દર્દીએ કેવો ખોરાક લેવો જોઈએ વગેરે અંગેની ઊંડાણપૂર્વકનીસમજ આપી હતી. તેમણે જણાવ્યું કે હું પોતે પણસિકલ સેલ ટ્રેટ છું, છતાં પણ સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવવું છે. મને કોઈ પણ પ્રકારની તકલીફ કે મુશ્કેલી અનુભવાતી નથી. તેનું કારણ હું પૌષ્ટિક ખોરાક લઉં છું અને જરૂરી કાળજી રાખું છું.

આ કાર્યક્રમમાં ધોરણ 1 થી 8 ના કુલ-190 વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સહભાગી થયા હતા. તેમાં 95 કન્યા અને 95 કુમાર હતા. ધોરણ-1 માં નવા આવેલા કુલ-22 માંથી 16 વિદ્યાર્થીઓનું તાલુકા આરોગ્ય ટીમ દ્વારા સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.આ 16 વિદ્યાર્થીઓમાં 6 કન્યાઓ અને 10 કુમાર હતા. ધોરણ-1 નાના બાળકો ડરે નહીં તે માટે 2 મોટા વિદ્યાર્થીઓનું ફરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. ધોરણ 2 થી 8 માં અભ્યાસ કરતા અન્ય તમામ વિદ્યાર્થીઓનું આગળના વર્ષે સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. તેમાંથી 8 માં ધોરણમાં અભ્યાસ કરતી એક કન્યાને સિકલ સેલ એનિમિયા





પોઝિટિવ મળી હતી. બાકીના તમામ વિદ્યાર્થીઓ નેગેટિવ છે.



આ કાર્યક્રમના અંતે શાળાની અંદર રેલીનું આયોજન કરીને સિકલ સેલ એનિમિયા અંગેના સૂત્રોચાર કરાવીને વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં આશ્રમશાળાના આચાર્યશ્રી શાંતુભાઇ વસાવા અને શિક્ષકગણ પણ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમના અંતમાં GTRTS ના ડો.તેજલબેન અધ્વર્યુએ સૌ મહેમાનો ડોક્ટર અને તેની આરોગ્ય ટીમનો તથા શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ડો.તેજલબેન અધ્વર્યુએ આ કાર્યક્રમનું સંપૂર્ણસંચાલન કર્યું હતું









## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" અંગેનો એક દિવસીય જાગૃત્તિ કાર્યક્રમ

તા.2/7/2024

ગાંધી વિદ્યાપીઠ - વેડછી, તા.વાલોડ, જી.તાપી



તા.2/7/2024 ના રોજ આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન-ગાંધીનગર અને ગુજરાત આરોગ્ય વિભાગ (એપેડેમિક શાખા), ગાંધીનગર સંયુક્ત ઉપક્રમે "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સિલિંગ" વિષય પર એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ ગાંધી વિદ્યાપીઠવેડછી, તા.વાલોડ, જી.તાપી ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમનો શાબ્દિક આવકાર બીએડ કોલેજના આચાર્યશ્રી ડો.અંજનાબેન ચૌધરી દ્વારા આપવામાં આવ્યો હતો. તમામ મહેમાન શ્રીઓની પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ મહેમાનશ્રીઓએ દીપ પ્રાગટ્ય કરી જાગૃતિ કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. ડો.વિપુલ રામાણી દ્વારા કાર્યક્રમની પૂર્વભૂમિકા અને હેતુ અંગેની સમજ આપી.તાપી જિલ્લામાં સિકલ સેલ એનિમિયા રોગ અને ટ્રેટની સ્થિતિ અંગે સમજ આપી હતી.



GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી સાહેબ દ્વારા વિશ્વ, ભારત અને ગુજરાતમાં સિકલ સેલ એનિમિયા રોગનો પ્રવેશ કેવી રીતે થયો, તેનો શું ઈતિહાસ છે, તે આદિવાસી લોકોને શા માટે વધુ થઈ રહ્યો છે, તેની શું ગંભીરતા છે એનિમિયા રોગવાળા દર્દીઓએ શું કાળજી રાખવી જોઈએ વગેરે અંગે ઊંડાણથી સમજ આપી હતી. ગાંધી વિદ્યાપીઠ, વેડછીના પ્રમુખશ્રી અમરસિંહભાઈ ચૌધરી સાહેબે અધ્યક્ષીય ઉદબોધન

આપ્યું હતું તેમણે પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને સિકલ સેલ એનિમિયા અંગે જાગૃત થવા અંગે, સ્ક્રિનિંગ કરવા તથા સારવાર અને સંભાળ રાખવા અંગેની સમજ આપી હતી સિકલ સેલ એનિમિયા રોગ થાય તો પણ ન ડરવા અંગે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.




સી.ડી.એચ.ઓ. ડો.પાઉલ વસાવા સાહેબે વિદ્યાર્થીઓને સિકલ સેલ એનીમિયાનો જરૂરથી સ્ક્રિનિંગ કરાવવા સલાહ માર્ગદર્શન લેવા અને પોઝિટિવ આવે તો શું કાળજી લેવી જોઈએ તે અંગેની ઉદાહરણ સાથે ઊંડાણપૂર્વકની સમજ આપી હતી. ઈ.એમ.ઓ. ડો.સ્નેહલભાઈ પટેલ દ્વારા સિકલ સેલ એનિમિયા રોગ કેવી રીતે થાય છે, તેને કેવી રીતે અટકાવી શકાય, શું કાળજી રાખવી જોઈએ અને કેવો ખોરાક લેવો જોઈએ તે અંગેની જાણકારી આપી હતી. આ ઉપરાંત ટી.એચ.ઓ. ડો. ચિરાગભાઈ પટેલે સિકલ સેલ એનિમિયા સાથે એચઆઇવી/એઇડ્સ, ક્ષય, રક્તપિત વગેરે રોગો અંગેની પણ સમજ આપી હતી. એમ. ઓ. (પી.એચ. સી. કણજોડ) ડો.હેમાંગીની પટેલ અને તેમની આરોગ્ય ટીમે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગનું કાર્ય કર્યું હતું



આ કાર્યક્રમમાં કુલ - 198 વ્યક્તિઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં બીઆરએસ કોલેજ અને બીએડ કોલેજના કુલ - 191 વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું જેમાં 68 છોકરાઓ અને 123 છોકરીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું તેમાંથી 23 વિદ્યાર્થીઓ પોઝિટિવ નીકળ્યા હતા, જેમાં 06 છોકરાઓ અને 17 છોકરીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 7 કર્મચારીઓનું પણ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું તેમાંથી 02 કર્મચારીઓ પોઝિટિવ નીકળ્યા હતા.





આ તમામ વિદ્યાર્થીઓનું સિકલ સેલ રોગનું નિદાન અને સારવાર અંગે પોસ્ટ કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમનું સંચાલન બીએડ વિભાગના ડો.ભાવનાબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આભારવિધિ GTRTS ના ડો.તેજલબેન અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહેમાનો, ડોક્ટર અને તેમની ટીમ, વિદ્યાર્થીઓ અને અન્ય સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.
















## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" અંગેનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ

તા.3-7-2024

અજરાઈ આશ્રમશાળા, તા.ગણદેવી, જી.નવસારી

તા.3-7-2024 ના રોજ આદિજાતિ વિકાસ વિભાગ - ગાંધીનગર, આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર, ગુજરાત આરોગ્ય વિભાગ (એપેડેમિક શાખા), ગાંધીનગર અને શ્રી આદિવાસી સંસ્કાર મંડળના સંયુક્ત ઉપક્રમે'સિકલ સેલ સ્ક્રિનિંગ અને



પોસ્ટ કાઉન્સિલ" અંગેનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ અજરાઈ આશ્રમશાળા, તા.ગણદેવી, જી.નવસારી ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી આદિવાસી સંસ્કાર મંડળના પ્રમુખશ્રી ભગુભાઈ દરજી GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડૉ. સી. સી. ચૌધરી, જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગના ડૉ.ભાવેશભાઈ, ડૉ.પ્રજ્ઞેશભાઈ, ડૉ.અંજનાબેન અને તેમની આરોગ્ય ટીમ ઉપસ્થિત રહી હતી.



GTRTS ના ડૉ. વિપુલ રામાણીએ કાર્યક્રમની પ્રાસ્તાવિક ભૂમિકા અને હેતુ જણાવ્યા કહ્યું કે આ જાગૃતિ કાર્યક્રમ શાળામાં એટલા માટે યોજવામાં આવ્યો છે કે શાળાના તમામ વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગ થાય અને તેઓ સિકલ સેલ



એનિમિયા અંગે જાગૃત થાય તથા પોતાના કુટુંબ અને આડોશ પાડોશના લોકોને પણ આ અંગે જાગૃત કરે તે માટે છે. તેમણે નવસારી જિલ્લામાં સિકલ સેલ એનિમિયાના ટ્રેટ અને દર્દીઓના આંકડાઓની સ્થિતિ રજૂ કરી હતી. સિકલ સેલ એનિમિયા કેવી રીતે વારસાગત રોગ

છે અને તે એક પેઢીમાંથી બીજી પેઢીમાં કેવી રીતે ફેલાય છે તે અંગેની ઊંડાણપૂર્વકની જાણકારી આપી હતી.

GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી સાહેબે પોતાનું ઉદબોધન કરતા જણાવ્યું કે વિશ્વ, ભારત અને ગુજરાતમાં સિકલ સેલ એનિમિયાની શરૂઆત કેવી રીતે થઈ તથા સિકલ સેલ એનિમિયાનો ઇતિહાસ અંગેની જાણકારી આપી હતી. સિકલ સેલ એનિમિયાની ભારત અને ગુજરાતમાં શું સ્થિતિ છે અને દેશતથા રાજ્યમાં કેટલા જીલ્લાઓમાં અભિયાન ચાલુ છે તેની વાત કરી. સિકલ સેલ એનિમિયાને અટકાવવા અને નિયંત્રણ કરવા માટે શું કરવું જોઈએ કેવી કાળજી લેવી જોઈએ તે અંગે વિદ્યાર્થીઓને સમજ આપી હતી.



આ કાર્યક્રમમાં કુલ-312 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. તેમાં અજરાઈ આશ્રમશાળાના ધોરણ 1 થી 8 ના કુલ-176 વિદ્યાર્થીઓ જોડાયા હતા, જેમાં છોકરાઓ 88 અને છોકરીઓ 88 હતી. આ ઉપરાંત અંભેટા ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાના કુલ-136 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા, જેમાં 63 છોકરાઓ અને 73 છોકરીઓ હતી. અજરાઈ આશ્રમશાળામાં કુલ-07 વિદ્યાર્થીઓ સિકલ સેલ એનિમિયા પોઝિટિવ છે, જેમાં 01 છોકરો અને 06 સમાવેશ છે. જ્યારે અંભેટા ઉત્તર બુનિયાદી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં કુલ-08 વિદ્યાર્થીઓ સિકલ સેલ પોઝિટિવ છે, જેમાં 3 છોકરાઓ અને 5 છોકરીઓનો સમાવેશ થાય છે. આ તમામ વિદ્યાર્થીઓનું અગાઉના વર્ષે સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. જેથી આજના દિવસે તેમનું સિકલ સેલ એનિમિયા અંગે પોસ્ટ કાઉન્સિલિંગ કરીને સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે આજના દિવસે આંગણવાડી-અજરાઈમાંથી 6 બાળકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું જેમાં 3 છોકરા અને 3 છોકરીઓનો સમાવેશ થાય છે. તે તમામનું પરિણામ નેગેટીવ આવ્યું હતું.





ત્યારબાદ ધોરણ 1 થી 11 ના 312 વિદ્યાર્થીઓને સિકલ સેલ એનિમિયા જાગૃતિ અંગેની ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી ત્યાર પછી ડો. પ્રજ્ઞેશભાઈ, ડો. ભાવેશભાઈ અને ડો. અંજનાબેન અને તેમની આરોગ્ય ટીમ દ્વારા સૌ વિદ્યાર્થીઓને સિકલ સેલ એનિમિયા કેવી રીતે થાય છે, તેના નિયંત્રણ માટે શું કરવું જોઈએ,સિકલ સેલ એનિમિયાના દર્દીએ કેવો સંતુલિત ખોરાક લેવો જોઈએ તે અંગેનું ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપ્યું હતું



આ કાર્યક્રમના અંતે બ્રેઈન સ્ટ્રોરમીંગ એક્સરસાઇઝ અને પ્રતિભાવ મેળવવા માટે વિદ્યાર્થીઓને ક્વિઝ રમાડવામાં આવી. સિકલ સેલ એનિમિયા અંગેની જાગૃતિ કાર્યક્રમમાં આપવામાં આવેલી માહિતીને આધારે ઇએમઓ દ્વારા ક્વિઝમાં 10 પ્રશ્નો કાઢવામાં આવ્યા હતા. આ પ્રશ્નો નીચે મુજબ છે.

૧. સિકલ સેલ દિવસની ઉજવણી કયારે કરવામાં આવે છે?

૨. સિકલ સેલ રોગીને કેવો કાર્ડ આપવામાં આવે છે ?

3. સિકલ સેલમાં રકતકણોનો આકાર કેવો હોય છે ?

૪. સિકલ સેલ રોગ એ વારસાગત રોગ છે? સાચુ કે ખોટુ

૫. સિકલ સેલ રોગને આપણે કયારે નાબુદ કરીશું ?

૬. સિકલ રોગમાં બે પીળા કાર્ડ ધરાવતાં વ્યકિત લગ્ન કરી શકે છે?

૭. સિકલ સેલ વાહકને કેવા રંગનો કાર્ડ આપવામાં આવે છે?

૮. સિકલ સેલ રોગ કયા સમુદાયમાં વધુ જોવા મળે છે?

૯. સિકલ સેલ રોગ ધરવતાં વ્યકિતને માસિક કેટલી સહાય આપવામાં આવે છે?

૧૦.સિકલ સેલની તપાસ કઇ રીતે કરવામાં આવે છે?



ઉપરની પ્રશ્નો તમામ વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યા અને તેમાંથી સાચો જવાબ આપનાર વિદ્યાર્થીને ઇનામરૂપે બોલપેન આપવામાં આવી હતી આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગનો મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ડો. તેજલબેન અધ્વર્યુએ આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલનકર્યું હતું અંતમાં સૌ મહેમાનો, ડોક્ટર અને તેની આરોગ્ય ટીમનો તથા શાળાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.
















## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" અંગેનો એક દિવસીય જાગૃત્તિ કાર્યક્રમ

તા.3-7-2024

ઈ.એમ.આર.એસ.-મોતા, તા. બારડોલી, જી.સુરત

ઈ.એમ.આર.એસ.- માંડવી, જી.સુરત



તા.3-7-2024 ના રોજ આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર, ગુજરાત આરોગ્ય વિભાગ-ગાંધીનગર અને ઈ.એમ.આર.એસ.-મોતા અને ઈ.એમ.આર.એસ.-માંડવીના સંયુક્ત ઉપક્રમે આયોજિત "સિકલ સેલ સ્ક્રીનીંગ અને પોસ્ટ કાઉન્સલિંગ" અંગેનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ ઈ.એમ.આર.એસ.-મોતા ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમની શરૂઆત શાળાના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોએ સમૂહ પ્રાર્થના અને ગીત દ્વારા કરાવી હતી.

ત્યારબાદ ડો. વિપુલ રામાણી દ્વારા કાર્યક્રમની પૂર્વભૂમિકા અને હેતુ અંગેની સમજ આપી જેમાં તેમણે સુરત જિલ્લામાં સિકલ સેલ એનિમિયાની સ્થિતિ અને ગંભીરતા અંગે વાત કરી હતી



ત્યારબાદ GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી સાહેબે સિકલ સેલ એનિમિયાની શરૂઆત કેવી રીતે થઈ એટલે કે સિકલ સેલ એનિમિયાનો ઇતિહાસ શું છે, વિશ્વમાં, ભારતમાં અને ગુજરાતમાં સિકલ સેલ એનિમિયાના કેસો કેવી રીતે મળી આવ્યા તેમાં કયા વૈજ્ઞાનિકોએ કેવી રીતે દર્દીઓની શોધ કરી વગેરે અંગેની જાણકારી આપી હતી. ડો. તેજલબેન અધ્વર્યુએ સિકલ સેલ એનિમિયા અને આદિવાસી સમાજ અંગેની વાત કરતા જણાવ્યું કે આદિવાસી સમુદાયમાંસિકલ સેલ એનિમિયા શા માટે વધુ થાય છે, તેના આંકડાઓ કેમ વધતા જાય છે અને તેના નિયંત્રણ માટે શું કરવું જોઈએ તે અંગેની સમજ આપી.



તાલુકા આરોગ્ય વિભાગ, બારડોલીના સિકલ સેલ એનિમિયા કાઉન્સલરશ્રી રોમેલભાઈ ભટ્ટ દ્વારા સિકલ સેલ એનિમિયા રોગ કેવી રીતે થાય છે, તેના શું લક્ષણો છે, આ રોગના નિયંત્રણ માટે શું કરવું જોઈએ તેને અટકાવવા માટે કેવા પગલાં લેવા જોઈએ સરકાર દ્વારા આપવામાં આવતી સહાય અંગેની વાત કરતા જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા પહેલા સિકલ સેલ એનિમિયા રોગના દર્દીઓને રૂ.500 ની સહાય આપવામાં આવતી હતી તેની જગ્યાએ આજે ઠરાવમાં સુધારો કરીને રૂ2500 ની સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત તેમણે સિકલ સેલ એનિમિયાના દર્દીએ શું કરવું અને શું ન કરવું તે અંગે વાત કરતા જણાવતા કહ્યું કે તેમણે ભારે કામો ન કરવા, ખૂબ ઊંચાઈવાળી જગ્યા ઉપર ન જવું, ખૂબ તાપ હોય ત્યારે બહાર ન નીકળવું તેમજ પૌષ્ટિક આહાર લેવા અંગેની સમજ આપી.





આ કાર્યક્રમમાં ઈ.એમ.આર.એસ.-મોતાના આચાર્યશ્રી અશોકભાઈ ગુપ્તા અને ઈ.એમ.આર.એસ.-માંડવીના આચાર્યશ્રી શ્યામભાઈ બ્રેશ તથા શાળાના તમામ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

ઈ.એમ.આર.એસ.-મોતામાંથી કુલ-378 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં 153 છોકરાઓ અને 225 છોકરીઓનો સમાવેશ થાય છે. જેમાંથી કુલ-61 વિદ્યાર્થીઓ સિકલ સેલ પોઝિટિવ છે, જેમાં 22 છોકરાઓ અને 39 છોકરીઓનો સમાવેશ થાય છે.

ઈ.એમ.આર.એસ.-માંડવીમાંથી કુલ-120 વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા, જેમાં 60 છોકરીઓ અને 60 છોકરાઓનો સમાવેશ થાય છે. આ કુલ વિદ્યાર્થીઓમાંથી 9 વિદ્યાર્થીઓ સિકલ સેલ પોઝિટિવ છે, જેમાં 3

છોકરાઓ અને 6 છોકરીઓનો સમાવેશ થાય છે. ધોરણ-6 માં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓનું ચાલુ વર્ષે અને ધોરણ-૭ થી 12 ના તમામ વિદ્યાર્થીઓનું અગાઉના વર્ષોમાં સિકલ સેલનું સ્ક્રિનિંગ (ટેસ્ટિંગ) કરવામાં આવેલ છે.

આમ, ઈ.એમ.આર.એસ.-મોતા અને ઈ.એમ.આર.એસ.-માંડવીના કુલ-498 વિદ્યાર્થીઓ અને તેમના 20 થી વધુ શિક્ષકોએ સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સલિંગ અંગેની સમજ મેળવી હતી. આ બંને કાર્યક્રમમાં ડો તેજલબેન અધ્વર્યુ દ્વારા સિકલ સેલ રોગ અંગેની સરળ ભાષામાં સમજ આપી અને સિકલ સેલ નાબૂદી અંગેના સૂત્રો બોલાવ્યા હતા આ બંને કાર્યક્રમનું સંચાલન બંને શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું

અંતમાં ડોવિપુલ રામાણીએ ઈ.એમ.આર.એસ.-મોતા અને ઈ.એમ.આર.એસ.-માંડવી શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીશ્રીઓ અને તાલુકા આરોગ્ય વિભાગના ડોક્ટર તથા કાઉન્સલરોનો આભાર વ્યક્ત કર્યો હતો.



## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" અંગેનો એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ

તા.3-7-2024

સરદાર કન્યા વિદ્યાલય, બારડોલી, જી.સુરત



તા.3-7-2024 ના રોજ આદિજાતિ વિકાસ વિભાગ-ગાંધીનગર, ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર, ગુજરાત આરોગ્ય વિભાગ (એપેડેમિક શાખા), ગાંધીનગર અને સ્વરાજ આશ્રમ-બારડોલીના સંયુક્ત ઉપક્રમે "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સલિંગ" વિષય પર એક દિવસીય જાગૃતિ કાર્યક્રમ સરદાર કન્યા વિદ્યાલય બારડોલી ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમ સ્વરાજ આશ્રમના પ્રમુખશ્રી અને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિતશ્રી નિરંજનાબેન કલાર્થીની અધ્યક્ષતામાં યોજાઈ ગયો આ કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત અને આવકાર ડો. પ્રજ્ઞાબેન કલાર્થીએ આપ્યો હતો.

ડો. વિપુલ રામાણીએ કાર્યક્રમની પૂર્વભૂમિકા અને હેતુ જણાવતા કહ્યું કે ત્રણ દિવસ દરમિયાન ધોરણ 1 થી લઈને બી.એડ. સુધીના વિદ્યાર્થીઓને સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ



કાઉન્સિલિંગ અંગે જાગૃત કરવામાં આવ્યા હત, જેમાં રાજ્ય સરકારના જિલ્લા અને તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા આશ્રમશાળાના તમામ વિદ્યાર્થીઓનું સ્ક્રિનિંગ થઈ ગયું છે પરંતુ બીઆર.એસ. અને બી.એડ. કોલેજમાં અભ્યાસ કરતા મોટા વિદ્યાર્થીઓનું સિકલ સેલ સ્ક્રિનિંગ થયું નથી, જે એક ગંભીર બાબત છે. જે વિદ્યાર્થીઓ લગ્નની ઉંમરે પહોંચ્યા છે, તેમનું સૌ પ્રથમ સ્ક્રિનિંગ થવું ખૂબ જરૂરી છે તેમજ કેટલીક સિકલ સેલ એનિમિયા અંગેની વાત કરી હતી.



GTRTS ના કાર્યપાલક નિયામકશ્રી ડો. સી. સી. ચૌધરી સાહેબે જણાવ્યું કે તમે બધા સિકલ સેલ એનિમિયા વિશે સામાન્ય માહિતી ધરાવો છો, પરંતુ સિકલ સેલ એનિમિયા વિશે કેટલીક વૈજ્ઞાનિક બાબતો જાણવી ખૂબ જ આવશ્યક છે જેમાં સિકલ સેલ એનિમિયા રોગ કેવી રીતે થાય છે, તેને નિયંત્રિત કરવા માટે શું કરવું જોઈએ દર્દીએ કેવી કાળજી રાખવી જોઈએ વગેરે અંગેની સમજ ઉદાહરણ સાથે આપી હતી. આદિવાસી વિદ્યાર્થીઓ કેવી રીતે વધુ શિક્ષણ લઈ શકે અને આરોગ્ય કેવી રીતે સારું રાખી શકાય તે બાબતે વિશેષ પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીનીઓને વધુ પ્રોત્સાહિત કરવા માટે સ્વાનુભવો જણાવ્યા હતા.




તાલુકા આરોગ્ય કેન્દ્ર બારડોલીના ડો.પંકજભાઈએ સિકલ સેલ કેવી રીતે થાય છે, તેના લક્ષણો, તેને અટકાવવા માટે કેવા પગલાં લેવા જોઈએ સિકલ સેલ એનિમિયા રોગના દર્દી કે વાહક હોય તો તેમણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેમજ આરોગ્ય સારું રાખવા કેવા પ્રકારનો ખોરાક

લેવો જોઈએ તે અંગેની ઊંડાણથી માહિતી આપી હતી. સિકલ સેલ કાઉન્સલર શ્રી રોમેલ ભટ્ટે સિકલ સેલ એનિમિયા અંગે માહિતી આપતા જણાવ્યું કે સિકલ સેલ એનિમિયા રોગથી કોઈએ ડરવાની જરૂર નથી, પરંતુ કાળજી લેવાની જરૂર આવશ્યકતા છે જેમાં તેમણે જણાવ્યું કે ખૂબ તાપમાં ન જવું, ભારે કામો ન કરવા, ઊંચાઈવાળી જગ્યાએ ન જવું, ખૂબ પાણી પીવું વગેરે બાબત સમજાવી હતી. કોઈને સિકલ સેલ રોગ હોય તો તેમણે કોની સાથે લગ્ન કરવા અને કોની સાથે લગ્ન ન કરવા જોઈએ તે અંગેની જાણકારી આપી હતી.

સ્વરાજ આશ્રમ-બારડોલી સંચાલિત સરદાર કન્યા વિદ્યાલયમાં ધોરણ-9 અને 10 નો અભ્યાસક્રમ ચાલે છે. સરદાર કન્યા વિદ્યાલયમાં કુલ-114 છોકરીઓ અભ્યાસ કરી રહી છે, જેમાંથી 108 કન્યાઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છેતેમાંથી 12 કન્યાઓ પોઝિટિવ છે, જેમનો એચપીએલસી રિપોર્ટ આવવાનો બાકી છે. આ તમામ વિદ્યાર્થીનીઓનું સ્ક્રિનિંગ જાગૃત્તિ કાર્યક્રમ અગાઉ કરવામાં આવેલ છે.



ડો. તેજલબેન અધ્વર્યુ દ્વારા સિકલ સેલ એનિમિયાનું છોકરીઓમાં વધુ પ્રમાણ હોવાથી તેની ગંભીરતા અંગે વાત કરી હતી તેમજ સિકલ સેલ એનિમિયા નાબૂદી અંગેના સૂત્રો બોલાવી વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. ડો. વિપુલભાઈ રામાણીએ સ્વરાજ આશ્રમના પ્રમુખશ્રી, શાળાના આચાર્યશ્રી, તાલુકા આરોગ્ય વિભાગના ડોક્ટર, કાઉન્સલર અને તેમની ટીમ, ફોટોગ્રાફર તથા વિદ્યાર્થીની બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો.



## "સિકલ સેલ સ્ક્રિનિંગ અને પોસ્ટ કાઉન્સેલીંગ" જાગૃત્તિ કાર્યક્રમમાં સહભાગી થયેલ વિદ્યાર્થીઓ અને કાર્યક્રમ દરમિયાન થયેલ સ્ક્રિનિંગની આંકડાકીય વિગતો

| ક્રમ | જિલ્લો | તાલુકો | સંસ્થાનું નામ | કાર્યક્રમમાં સહભાગી વિદ્યાર્થીઓની સંખ્યા | | | કાર્યક્રમ દરમિયાન થયેલ સ્ક્રિનિંગ | | | સ્ક્રીનિંગનું પરિણામ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | **Positive** | **Negative** |
| ૧ | નર્મદા | સાગબારા | શ્રી જય જલારામ આશ્રમશાળા-ચોપડવાવ | ૯૫ | ૯૫ | ૧૯૦ | ૧૦ | ૦૬ | ૧૬ | ૦૦ | ૧૬ |
| ૨ | તાપી | વેડછી | ગાંધી વિદ્યાપીઠ-વેડછી | ૬૮ | ૧૨૩ | ૧૯૧ | ૬૮ | ૧૨૩ | ૧૯૧ | ૨૩ (છોકરાઓ-૦૬, છોકરીઓ-૧૭) | ૧૬૮ |
| ૩ | નવસારી | ગણદેવી | આશ્રમશાળા- અજરાઈ | ૧૫૧ | ૧૬૧ | ૩૧૨ | ૦૩ | ૦૩ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૪ | સુરત | બારડોલી | ઈ.એમ.આર.એસ.-મોતા | ૧૫૩ | ૨૨૫ | ૩૭૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | સુરત | માંડવી | ઈ.એમ.આર.એસ.-માંડવી | ૬૦ | ૬૦ | ૧૨૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | સુરત | બારડોલી | સરદાર કન્યા વિદ્યાલય-બારડોલી | ૦૦ | ૧૧૪ | ૧૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | | કુલ | ૫૨૭ | ૭૭૮ | ૧૩૦૫ | ૮૧ | ૧૩૨ | ૨૧૩ | ૨૩ | ૧૯૦ |

- નોંધ: નર્મદા-૧૬ વિદ્યાર્થીઓ, તાપી-૧૯૧ વિદ્યાર્થીઓ અને નવસારીમાં અજરાઈ આંગણવાડીના-૬ બાળકો તેમજ ૯ શિક્ષકો અને કર્મચારીઓ મળીને કુલ - ૨૨૨ નું સ્ક્રીનિગ કરવામાં આવેલ છે.
- કુલ - ૧૩૦૫ વિધાર્થીઓ સાથે સિકેલ સેલ પોસ્ટ કાઉન્સેલિંગની કામગીરી કરવામાં આવેલ છે.

## GTRTS દ્વારા સિકલ સેલ અંગે કરેલ વિશિષ્ટ કામગીરી

1. સિકલ સેલ પરામર્શન માર્ગદર્શિકાનું હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો.
2. સિકલ સેલ જાગૃતિ માર્ગદર્શિકાનું હિન્દી ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો.
3. સિકલ સેલ પરામર્શન માર્ગદર્શિકાનું દેહવાલી ગરાસિયા, ભીલી, ગામીત તેમજ કોંકણી ભાષામાં અનુવાદ કર્યો.
4. સિકલ સેલ જાગૃતિ માર્ગદર્શિકાનું દેહવાલી ગરાસિયા, ભીલી, ગામીત તેમજ કોંકણી ભાષામાં અનુવાદ કર્યો.
5. સિકલ સેલ જાગૃતિ માટે હિંદી અને અંગ્રેજી ભાષામાં તૈયાર કરેલ પેમ્ફ્લેટ અને બેનર્સને ગુજરાતી ભાષામાં તૈયાર કરી કાર્યક્રમના સ્થળે પ્રદર્શન સ્વરૂપે મુકવામાં આવ્યા
6. દરેક કાર્યક્રમમાં પેમ્ફ્લેટ અને બેનર્સમાં મુકવામાં આવેલ માહિતી બાળકો પાસે વંચાવવામાં આવી.
7. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં આવેલ શોર્ટ દસ્તાવેજી ફિલ્મ જાગૃતિ કાર્યક્રમો દરમિયાન બતાવવામાં આવી.
8. જાગૃતિ કાર્યક્રમોમાં બાળકોને વિસ્તાર મુજબ પ્રાપ્ય પરંપરાગત ખોરાકમાં વિટામીન, આર્યન અને પ્રોટીનયુકત ખોરાક શેમાંથી મળે તે અંગે વાત કરવામાં આવી